મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં વીજ કરંટ લાગવાથી વધુ એક ગાયનું મોત

સેક્ટર-૩૦માં ઈન્ક્વાયરી પાસે અગાઉ બે ગાયો વીજ કરંટથી મોતને ભેટી હતી : સેક્ટર-૩૦માં જ ફરીવાર આજ રીતની ઘટના ડિફેન્સ કોલોની ખાતે બની



ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં સેક્ટર-૩૦ ઈન્ક્વાયરી પાસે થોડા જ દિવસ અગાઉ ત્રણ ગાયોને વીજ થાંભલાનો કરંટ લાગતાં બે ગાયો મોતને ભેટી હતી. ત્યારે આજે ફરી સેક્ટર-૩૦માં ડિફેન્સ કોલોની ખાતે આજ ઘટનાનું પુનરાવર્તન થતાં વધુ એક ગાયને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

શહેરમાં વરસાદી સિઝનમાં જાહેર તેમજ આંતરિક માર્ગોની સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા પરિણામલક્ષી કામગીરી કરવામાં આવતી નથી. જેના કારણે રાત્રીના સમયે વાહનચોરી સહિત અસામાજિક પ્રવૃત્તિઓ પણ વધી જવા પામી છે. થોડા દિવસ અગાઉ સે. ૩૦ ઈન્ક્વાયરી પાસે માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વીજ થાંભલા નાંખવાની અણઘટ કામગીરીના કારણે એક સાથે ત્રણ ગાયોને વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે બે ગાયોના ઘટનાસ્થળે કરૂણ મોત થયાં હતાં. જ્યારે એક ગાયને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં વીજ થાંભલા નાંખીને મેઈન્ટેનન્સની પણ કામગીરી સંભાળવામાં આંતરિક માર્ગોના વીજ થાંભલા બંધ રહેતા હોવાથી બૂમરાણ મચી છે. વીજ થાંભલા નાખ્યા પછી યોગ્ય માટીનું પુરાણ તેમજ વીજ કનેક્શન યોગ્ય રીતે નહી કરવાને કારણે ભર ચોમાસામાં વીજ થાંભલા યમદૂત સમાન બની ચૂક્યા છે.

સેક્ટર-૩૦માં ડિફેન્સ કોલોની ખાતેના વીજ થાંભલાને કારણે કરંટ લાગતાં વધુ એક ગાય તરફડિયાં મારીને મોતના મુખ્યમાં ધકેલાઈ ગઈ હતી. જેના પગલે સ્થાનિક વસાહતીઓમાં તંત્રની અણઘડ કામગીરી સામે વ્યાપક રોષ ભભૂકી ઉઠ્યો છે. આ અંગે શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે થોડા દિવસો પહેલા બે ગાયોના આજ રીતે મોત થયા હતા. આજે ફરીવાર એજ ઘટનાનું પુનરાવર્તન થયું છે. શહેરના વીજ થાંભલા મોતને ખુલ્લું આમંત્રણ આપતાં હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ કિસ્સાઓમાં જવાબદાર કર્મચારી અધિકારી સામે કાયદાકીય પગલાં ભરવામાં આવે એવી માંગણી કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

જસ્મીન હર્ષદભાઈ જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨

પારુલબેન એન ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

અક્ષય વાસુદેવભાઈ પટેલ
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫

આર્યા નમન ભટ્ટ
મો. ૯૪૨૮૪ ૧૧૩૬૫

દિવ્યાંગ ઓચ્છવલાલ શાહ

શુભમ એ દવે

અદિતિ જયેશકુમાર શાહ

એસ.કે.પટેલ સ્કુલમાં પેપર પ્લેટ એક્ટિવિટી

ગાંધીનગર, તા.૨૫

એસ. કે.પટેલ કેજી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પેપર પ્લેટ એક્ટિવિટી કરવામાં આવી. જેમાં નાના નાના ભૂલકાં ઓએ ન્યુઝ પેપરમાંથી પ્લેન, બોટ, ફેન બનાવીને બાળકોએ અદભૂત આનંદ પ્રાપ્ત કર્યો હતો.

એસઆરપી સેક્ટર-૨૭, નાના ગ-રોડ ઉપર વૃક્ષો નમી પડયા છે. આ ઉપરાંત ખ-માર્ગથી ટાટા ચોકડી તરફના માર્ગ ઉપર નમેલા વૃક્ષો જોવા મળી રહયા છે. આ વૃક્ષોને કાપવા માટેની લોકમાંગણી ઉઠી રહી છે.

ગેઝીયા જીઆઈડીસી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

તા.૨૫ જુલાઈ સોમવારના રોજ સવારે દસ કલાકે ઈલેકટ્રોનિકસ એસ્ટેટ, જીઆઈડીસી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ મેયર હીતેશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પ્રાદેશિક અધિકારી એસ.વી.માલસાતાર (જીપીસીબી) તથા નાયબ કાર્યપાલક ઈજનેર પી.એચ.મેણાત (જીઆઈડીસી, ગાંધીનગર) અતિથિ વિશેષ તરીકે હાજર રહયા હતા અને ગેઝીયાના પ્રમુખ ચાણક્ય પટેલ, અમૃતભાઈ પટેલ, ગેઝીયા બોર્ડ ઓફ ડીરેકટર્સ, કારોબારી સભ્યો તથા વસાહતના ઉદ્યોગકાર મિત્રો મોટી સંખ્યામાં હાજર રહયા હતા અને જીઆઈડીસી વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ લીધો હતો.

સે-પમાં કૂતરાંના આતંકથી વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા.૨૫

રાજયના પાટનગર ગાંધીનગરમાં અનેક સેકટરોમાં કૂતરાંના આતંકથી રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. મહાનગરપાલિકા દ્વારા રખડતાં કૂતરાંના ત્રાસમાંથી નાગરિકોને બચાવવા યોગ્ય ઉપાય શોધ્યા નથી. ગાંધીનગર સે-૫/એમાં કૂતરાંના આતંકથી વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. અનેક વસાહતીઓના વાહનોની રેકજીન સીટને રખડતાં કૂતરાં નુકશાન પહોંચાડતા જાગૃત નાગરિક દ્વારા મ્યુનિશિપલ કમિશનરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નાગરપાલિકા કે મહાનગરપાલિકાઓમાં તંત્રના ખાડે ગયેલા વહીવટ સામે રોષ સામે આવતો હોય છે. રાજયના પાટનગર ગાંધીનગરના અનેક સેકટરોમાં રખડતાં કૂતરાં અને અવારનવાર વન્ય પ્રાણીઓના આગમનથી પ્રજા અને વાહનચાલકો ત્રાસદાયક સ્થિતિનો અનુભવ કરી રહયા છે. જે તે વિસ્તારના કાઉન્સિલરોને ફરિયાદ પછી પણ કોઈ ઉકેલ આવતો નથી અને ભરચોમાસામાં ગાંધીનગર શહેર તંત્રની ઘોર બેદરકારીથી ખાડાવાળું શહેર બની ગયું છે. ચોમાસામાં જ્યાં જૂઓ ત્યાં વાહનચાલકોને જોખમ દેખાઈ રહયું છે અને હવે રખડતાં કૂતરાંએ અનેક સેકટરોમાં વાહન માલિકોની ઉંઘ હરામ કરી છે.

સેકટર-૫/એમાં રખડતાં કૂતરાંએ રાત્રી દરમિયાન અનેક વાહનોની રેકજીનની સીટ ફાડીને રીતસરનો આતંક મચાવવાની શરૂઆત કરી છે. સેકટરોમાં મકાન સાંકળા હોય એટલે ઘરમાં વાહન મુકી શકાતું નથી અને નછુટકે બહાર મૂકે તો સીટકવર હેમખેમ હોય તો કિસ્મત જેવી સ્થિતિ પેદા થાય છે. વિકાસના કામો તો બાજુ પર રહયા પરંતુ પ્રજાને પડતી પારાવાર યાતનામાંથી મહાનગરપાલિકા મુક્તિ અપાવે તેવું રહીશોએ જણાવ્યું હતું.

આહીર સમાજ (અમદાવાદ-ગાંધીનગર)ના પ્રમુખ તરીકે ભીમશીભાઈ ખોડભાયાની વરણી

ગાંધીનગર, તા.૨૫

અમદાવાદ આહીર સમાજ (અમદાવાદ-ગાંધીનગર) ની ૨૦૨૧-૨૨ વાર્ષિક સાધારણ સભા ગત રવિવારે અમદાવાદ ખાતે યોજાઈ હતી. નવા વર્ષની કારોબારી ૨૦૨૨-૨૩ની રચના પ્રમુખના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી, જેમાં ગાંધીનગરના ભીમશીભાઈ ખોડભાયાને નવનિયુક્ત પ્રમુખ તરીકે અને કરશનભાઈ ભોચીયા અને પ્રતાપભાઈ ડેરને ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ તકે મંત્રી તરીકે રણજીતભાઈ પાડા તેમજ સહમંત્રી તરીકે અશોકભાઈ પરડવા, લખુભાઈ જોગલ, ભાર્ગવભાઈ બલદાણીયા, અશોકભાઈ ચંદ્રવાડીયા, સંજયભાઈ છૈયા તેમજ ખજાનચી તરીકે પ્રવિણભાઈ ભાદરકા, સહ ખજાનચી તરીકે રમેશભાઈ લાડુમોરની વરણી કરવામાં આવી હતી.

એલડીઆરપી ખાતે નેશનલ કેડેટ કોર્પનું રેન્ક સેરેમનીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

એલ.ડી.આર.પી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુ પર ચાલતુ એનસીસીનું રેન્ક સેરેમની ૨૩ જુલાઈના રોજ યોજાયુ હતુ. જેમા કુલ ૫૦ સીટ આપવામાં આવી હતી. જેમાંથી ૬ કેડેટ અને અલગ અલગ રેન્ક આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં 9 GUJ BNથી સુબ પરવિન્દરભાઈ, હવલદાર વિજય, એલડીઆરપી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા, એલડીઆરપીના એનસીસી કેરટેકર ઓફીસર ભાવીક પંડ્યા તેમજ હેડ ઓફ ડીપાર્ટમેન્ટ અને અન્ય કોલેજના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર અને માણસા ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરી- મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા ગાંધીનગર અને માણસા ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૨૬ મી જુલાઇ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે બલરામ મંદિર હોલ, ઉમિયા માતાજી મંદિર પાસે, કલેકટર કચેરી સામે, સેકટર- ૧૨, ગાંધીનગર ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. જેમાં એસએસસી એચએસસી પાસ, આઈટીઆઈના તમામ ટ્રેડ અને ગેજ્યુએટ થયેલા તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે. તેમજ માણસા ખાતે રોજગાર ભરતીમેળો તા. ૨૮મી જુલાઇ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે એસ.ડી.આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ, એસ.ટી.ડેપો સામે, માણસા ખાતે યોજાશે. જેમાં એસએસસી, એચએસસી પાસ, ગ્રેજ્યુએટ અને આઈટીઆઈના તમામ ટ્રેડના ઉમેદવારો ભાગ લઈ શકશે.

આ બન્ને રોજગાર ભરતી મેળામાં જિલ્લાના રોજગાર વાંચ્છુક ઉમેદવારોને ભાગ લેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

ચિલોડા સર્કલ પાસે વરસાદી પાણીનો ભરાવો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે ઓવરબ્રીજ તથા અન્ય પાકા રસ્તા-સર્વિસ રોડ બનાવ્યા બાદ હાલમાં મેઘરાજાની સતત મેઘ સવારી થતાં ચિલોડાના બે મુખ્ય પેટા આરોગ્ય કેન્દ્ર અને હોમિયોપેથીના દરવાજા આગળ વિશાળ ઉંડાણવાળા ભાગમાં આજુબાજુ વિસ્તારનું તમામ વરસાદી પાણીનો ભરાવો થતાં યોગ્ય પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી દવાખાનાના બબ્બે પગથિયાં એટલે ઢીંચણસમા પાણી ભરાતાં મીની સરોવર બન્યું છે. આ અંગે સ્થાનિક કક્ષાએ તંત્રને વારંવાર પરિસ્થિતિ અંગે જાણ કરવા છતાં તંત્રએ આંખ મિંચામણા કરી સ્થિતિ જૈસે થે થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હાલમાં વરસાદની હેલીએ આ સ્થળ મીની સરોવર બન્યું છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ મધુબેન જશુભાઈ** ઉ.વ.૬૦, પ્રાંતિયા
- **સ્વ.દેવીપૂજક કંચન રાજુભાઈ** ઉ.વ.૪૧, સેકટર-૧૬, છાપરાં
- **સ્વ.ઠાકોર કર્તવ્ય રામસિંહ** ઉ.વ.૨૧, બોરીજ
- **સ્વ.કનોજીયા (ધોબી) શ્રીરામ ચિદ્દુ** ઉ.વ.૬૮, સે-૨૮, આદિવાડા
- **સ્વ.ઠાકોર ગાંડાજી વરવાજી** ઉ.વ.૬૫, પાટનાકુવા, દહેગામ